GJSR010157702025

**<u>આંક - ૧ (ચાર્જશીટ) લગત હુકમ</u>**

(૧) આ કામે ઈચ્છાપોર પોલીસ સ્ટેશન, પાર્ટ–એ, ગુના રજી. નં.– ૧૧૨૧૦૦૧૯૨૫૦૮૯૦/૨૦૨૫ ના કામે ઈ.પી.કો.ની કલમ–૬૯, ૩૫૧(૨) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ. જેનો સેશન્સ કેસ નંબર– ૧૦૪૫/૨૦૨૫ પડેલ છે.

(૨) આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટની રીટ આવતા, જેને ધ્યાને લેતાં, આ કામે આરોપીઓ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં R/Criminal Misc. Application (For Consent Quashing) No. 16842 of 2026 ની દાખલ કરવામાં આવેલ જેમાં તા. ૧૦/૦૮/૨૦૨૬ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ નીચે મુજબનો હુકમ કરેલ અને તે આ કામે **<u>આંકઃ ૦૯</u>** થી રજૂ છે, જેમાં જણાવેલ છે કે,

> ***" 10. In the result, the present application is allowed. The FIR being I- C. R. No. 11210019250890 of 2025 registered with Ichhapor Police Station, Surat, as well as all consequential proceedings arising therefrom, are hereby quashed and set aside qua the applicants.***
>
> ***11. Rule is made absolute accordingly. Direct service is permitted."***

(૩) આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટની ઉપરોકત રીટ તથા તા. ૧૦/૦૮/૨૦૨૬ નો ઓર્ડર ધ્યાને લેતાં પક્ષકારો વચ્ચે સમાધાન થતા નામ. ગુજરાત હાઈકોર્ટે એફ.આઈ.આર.ને તેમાંથી ઉદ્ભવેલ

તમામ પ્રોસીડીંગ્સ સહિત ક્વોશ કરેલા હોવાથી આ કામના આરોપી– ચંદન અજય સાઉ સામેનો કેસ ક્વોશ અને સેટેસાઈડ થઈ ગયેલ હોવાથી, નામદાર ગુજરાત હાઈકોર્ટની રીટ મુજબ તેમની સામેનો કેસ ફેંસલ કરવામાં આવે છે.

(૪) સદરહું ગુનાની તપાસ દરમ્યાન પોલીસે મુદ્દામાલ તરીકે બે મોબાઈલો કબજે કર્યાનું જણાઈ આવે છે. તે અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલો હોય તે હુકમ કાયમ કરવામાં આવે છે અને તેમા લાદવામાં આવેલ શરતો દૂર કરવામાં આવે છે. જો કોઈ હુકમ થયેલ ન હોય તો સદરહું મોબાઈલો તેના મૂળ માલિકોને તેની યોગ્ય તે ખરાઈ કરી પરત કરવા.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૧૯મી** માહે **ઑગષ્ટ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૯–૦૮–૨૦૨૬
સુરત.

(**પીયૂષકુમાર અશોકભાઈ પટેલ**)
સાતમા અધિક સત્ર ન્યાયાધીશ, સુરત.
(GJ00803)